# ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ

રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઇંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

## રાજરાજેશ્વરી મહિલા કલ્યાણ વીમા યોજના (નવી)
## (૧૦થી ૭૫ વર્ષના વયજૂથની મહિલાઓ માટે)

આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ નામવાળા વીમાદાર ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કં. લિ. (આમાં હવે પછી કંપની તરીકે જણાવેલ)એ તેમનાં નિવેદન સાચાં હોવાની ખાતરી આપતો લેખિત પ્રસ્તાવ રજૂ કર્યો છે. તે આ કરારનો આધાર છે અને તેનો આમાં સમાવેશ થયો હોવાનું માનવામાં આવે છે. અનુસૂચિમાં જણાવેલ સમય દરમિયાન આમાં હવે પછી દર્શાવેલ જોખમોના વીમા માટે કંપનીને પ્રીમિયમ ચૂકવ્યું છે. તેથી,

હવે આ પોલિસી સાક્ષી આપે છે કે આમાં જણાવેલી શરતો, નિષેધ/વ્યાખ્યાઓ અથવા શેરા અથવા અન્યથા વ્યક્ત કર્યા મુજબ, કંપની આમાં હવે પછી દર્શાવ્યા મુજબ વીમાદારની હાનિરક્ષા કરી આપશે.

### મૂળભૂત વીમા-કવચ

વીમાદારને બહારના, હિંસક અને દશ્ય સાધનોથી થયેલા અકસ્માતમાંથી સંપૂર્ણ અને પ્રત્યક્ષ શારીરિક ઈજા થાય, તો વીમા કવચ ૨૪ કલાકના જોખમ પર મળી શકશે. આવી ઈજા થયાના ૭ કેલેન્ડર મહિનાની અંદર આવી ઈજાને કારણે (અન્યથા જણાવ્યું હોય તે સિવાય) નીચે જણાવ્યા મુજબ અશક્તતા આવે, તો કંપની વીમાદારને નીચે મુજબ ચુકવણી કરશે :

| | | |
|---|---|---|
| (ક) | કાયમી સંપૂર્ણ અશક્તતા | ₹ ૨૫,૦૦૦ |
| (ખ) | એક અવયવ અને એક આંખને નુકસાન અથવા બંને આંખ અને/ અથવા બંને અવયવોને નુકસાન | ₹ ૨૫,૦૦૦ |
| (ગ) | એક અવયવનું નુકસાન/એક આંખે દૃષ્ટિ ગુમાવવી | ₹ ૧૨,૫૦૦ |

(ઘ) વધુમાં, નીચે મુજબ સમજવામાં અને કબૂલ કરવામાં આવે છે :

(૧) અપરિણીત સ્ત્રીની બાબતમાં પોલિસીમાં વ્યાખ્યા કર્યા મુજબ અકસ્માતને કારણે મૃત્યુને આવરી લેવા પોલિસી વિસ્તારવામાં આવશે. આ બાબતમાં નોમિની અથવા કાયદેસર વારસને વળતર ચૂકવી શકાશે. વળતર ₹ ૨૫,૦૦૦ રહેશે.

(૨) પરિણીત સ્ત્રીની બાબતમાં, બહારના હિંસક અને દશ્ય સાધનોથી થયેલા આકસ્મિક મૃત્યુથી ઊભા થતા વીમાદારના પતિના મૃત્યુને આવરી લેવા, પોલિસી વિસ્તારવામાં આવશે. આ કેસમાં ફક્ત પત્નીને વળતર ચૂકવવામાં આવશે. આ વળતર ₹ ૨૫,૦૦૦ રહેશે. શંકા નિવારવા માટે સ્પષ્ટતા કરવામાં આવે છે કે પતિ કરતાં પત્ની વહેલી મૃત્યુ પામે અથવા પતિનું અને વીમાદાર પત્નીનું સાથોસાથ મૃત્યુ થાય, તો આ વિસ્તરણ હેઠળ કોઈ વળતર ચૂકવવામાં આવશે નહિ.

**વ્યાખ્યા/સ્પષ્ટીકરણ**

કાયમી સંપૂર્ણ અશક્તતા એટલે કાયમી પ્રકારની એવી અશક્તતા જે અકસ્માતના સમયે પોતે કરી શકે તેમ હતી તે આવી અશક્તતાને કારણે બધાં કામ માટે અશક્ત બની ગઈ હોય.

બહારના, હિંસક અને દશ્ય સાધનોથી થતા અકસ્માતથી મૃત્યુ અથવા અશક્તતામાં લપસી પડવાથી અને/અથવા ઊંચી જગ્યાએથી પડવાથી, જંતુઓ, સાપ અને/અથવા પશુઓના કરડવાથી/ડંખ મારવાથી, ડૂબી જવાથી, પૂરમાં તણાઈ જવાથી, જમીન ધસી પડવાથી, ખડક ધસી પડવાથી, ધરતીકંપ, ચક્રવાત અને બીજા કુદરતી ઉત્પાત અને/અથવા આફત, ખૂન અને આતંકવાદી પ્રવૃત્તિઓમાંથી થતા અથવા કારણરૂપ મૃત્યુ અને/અથવા કાયમી સંપૂર્ણ અશક્તતાનો સમાવેશ થાય છે. સ્ત્રી બાબતમાં, શારીરિક હુમલો, વંધ્યીકરણ, સિઝેરિયન, હિસ્ટેરેકટોમી એટલે કે કેન્સરની શસ્ત્રક્રિયાને કારણે ગર્ભાશય અને સ્તન/બે સ્તન કાઢી નાખવું/નાખવાં, બાળકના જન્મ વખતે મૃત્યુ, પરંતુ આવું મૃત્યુ હોસ્પિટલ/નર્સિંગ હોમમાં સર્જિકલ શસ્ત્રક્રિયા દરમિયાન અથવા સર્જિકલ શસ્ત્રક્રિયાની તારીખથી સાત દિવસ પછી થયું હોય અથવા હોસ્પિટલ/નર્સિંગ હોમમાં આવી શસ્ત્રક્રિયા અંગે ધીમે ધીમે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરતી હોય ત્યારે મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ અશક્તતા.

**વિસ્તારેલ વીમા-કવચ**

કબૂલ થયા મુજબ વધારાના પ્રીમિયમની ચુકવણી કર્યે વીમાદાર વિસ્તારેલ વીમા-કવચનો વિકલ્પ આપે તેને અધીન રહીને, આમાં હવે પછી નિયત કરેલી રકમ કંપની વીમાદારને ચૂકવશે :

| ક્રમનં. | આવરી લેવાયેલ જોખમ | ચૂકવવાપાત્ર વળતર |
|---|---|---|
| ૧. | અહીં ઉપર વ્યાખ્યા આપેલ અકસ્માતથી ઊભી થતી કામચલાઉ સંપૂર્ણ અશક્તતાને કારણે હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે | અધિકતમ ₹ ૧૫૦૦ને અધીન રહીને |

| | | |
|---|---|---|
| | સારવાર માટે દાખલ કર્યો હોવાથી, કોઈ વ્યવસાય અથવા કામ અથવા રોજગારમાં કામ કરવાની સંપૂર્ણ અશક્તતા | માસિક ₹ ૫૦૦ |
| ૨. | **કાયદેસર છૂટાછેડા** : પોલિસી ચાલુ હોય તે દરમિયાન અથવા પોલિસીના રિન્યુઅલ દરમિયાન શરૂ કરેલી કાયદેસર છૂટા-છેડાની કાર્યવાહી માટે કરેલ ખરેખર કાયદેસર જરૂરી ખર્ચ, પરંતુ આ ખર્ચ વીમાદારના જીવનકાળ દરમિયાન એકવાર મળશે. જોકે, છૂટાછેડાનું હુકમનામું મેળવ્યા પછી ખર્ચ ભરપાઈ કરવામાં આવશે. | ખરેખર ખર્ચ, પરંતુ વધુમાં વધુ ₹ ૨૦૦૦ |
| ૩. | આગ, વીજળી, હુલ્લડ, આતંકવાદ વાવઝોડું, પ્રચંડ તોફાન, પૂર, ચક્રવાત અને ધરતીકંપથી મકાન/રહેઠાણમાં રહેલા ઘરગથ્થુ સામાન/ અંગત માલમતાને નુકસાન અથવા હાનિ | ₹ ૨૦૦૦ |

**જોગવાઈઓ**

પરંતુ આ પોલિસી હેઠળ કંપની નીચેના અંગે જવાબદાર રહેશે નહિ :

૧. મૃત્યુ અથવા અશક્તતા બાબતમાં, પેટા-ખંડ (ક), (ખ), (ગ) અને (ઘ)ના એક કરતાં વધારે પેટા-ખંડ નીચે વળતર

૨. આ પોલિસીની શરૂઆતની તારીખે હોય તેવી કોઈ શક્તતાને કારણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઊભા થતાં, તેમાં ફાળો આપતાં અથવા પરિણામરૂપ મૃત્યુ ઈજા અથવા અશક્તતા.

૩. નીચેનામાંથી ઊભા થતા અથવા પરિણામરૂપ મૃત્યુ, ઈજા અથવા અશક્તતા :

(૧) ઈરાદાપૂર્વક જાતે ઈજા, આપઘાત અથવા આપઘાતનો પ્રયાસ

(૨) માદક દારૂ અથવા ડ્રગની અસર હેઠળ હોય ત્યારે

(૩) ગાંડપણના કારણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થતાં

(૪) વીમાદારે ગુનાહિત ઈરાદાથી કાયદાનો કોઈ ભંગ કરવાથી ઊભાં થતાં અથવા પરિણમતાં.

૪. આયનીત કિરણોત્સર્ગ, કોઈ પણ ગમે તે રેડિયો એક્ટિવિટીથી દૂષિતતામાંથી મિલકતને નુકસાન અથવા હાનિ અને વ્યક્તિનું મૃત્યુ, ઈજા અથવા અશક્તતા.

૫. અણુશસ્ત્રોની સામગ્રીમાંથી, તેની મારફત અથવા તેના પરિણામે કે તેના ફાળાથી

વીમાદારનું મૃત્યુ ઈજા અથવા અશક્તતા અને મિલકતને કોઈ નુકસાન અથવા હાનિ.

૬. નીચેના કોઈ બનાવથી થયેલ અથવા પરિણામરૂપ વીમાદારનું મૃત્યુ, ઈજા અથવા અશક્તતા અને મિલકતને કોઈ નુકસાન અથવા હાનિ :

(ક) યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ અથવા યુદ્ધ જેવી કામગીરી (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ

(ખ) બળવો, નાગરિક અશાંતિને કારણે લોકોનો બળવો, લશ્કરી બળવો, રાજદ્રોહ, બંડ, ક્રાંતિ, લશ્કરી સત્તા અથવા છીનવી લીધેલી સત્તા.

૭. પોતાના આવેશ, કુદરતી ગરમી, એકાએક દહન અથવા કોઈ ગરમી કે સૂકવવાની પ્રક્રિયા કરતાં મિલકતને થયેલ નુકસાન અથવા હાનિ.

૮. નીચેનાના પરિણામે અથવા પ્રસંગે અથવા મારફત મિલકતને નુકસાન અથવા હાનિ :

(૧) કોઈ જાહેર સત્તાતંત્રના હુકમથી મિલકત બાળવી

(૨) ભૂગર્ભ આગ

(૩) જવાળામુખી ફાટી નીકળવો અથવા કુદરતના બીજા ઉત્પાત

૯. નીચેનાંના પરિણામે અથવા મારફત મિલકતને નુકસાન અથવા હાનિ :

(ક) વિશ્વાસ અથવા કમિશન પર રાખેલ માલ

(ખ) લગડી અથવા ન જડેલાં રત્ન

(ગ) કોઈ અદ્વિતીય કલાકૃતિ અથવા કલા-કારીગરી

(ઘ) હસ્તપ્રત, નકશા, ચિત્રકામ, ડિઝાઈન, પેટર્ન, મોડલ અથવા બીબાં.

(ચ) કોઈ પણ પ્રકારની જામીનગીરીઓ, જવાબદારીઓ અથવા દસ્તાવેજ, સ્ટેમ્પ, સિક્કા અથવા પેપર મની, ચેક, હિસાબના ચોપડા અથવા બીજા વેપારના ચોપડા, કોમ્પ્યુટર પદ્ધતિનાં રેકર્ડ

(છ) સ્ફોટક પદાર્થ

૧૦. કોઈ એક વીમાદાર વ્યક્તિ માટે વીમાના કોઈ એક વર્ષ દરમિયાન આ પોલિસી હેઠળ વીમાની રકમ કરતાં કોઈ વધારાની ચુકવણી.

**શરતો**

૧. આ પોલિસી હેઠળ દાવો ઊભો થાય તેવો બનાવ બનતાં, વીમાદાર તરત જ કંપનીને તે અંગે જાણ કરશે, વાજબી કારણ ન દર્શાવ્યું હોય, તો આ પોલિસી હેઠળ દાવો ઊભો કરતા બનાવ

પછી એક કેલેન્ડર મહિનાની અંદર વીમાદાર દાવાની બધી વિગતો સાથે કંપનીને લેખિત નોટિસ આપશે.

૨. જેના પર દાવાનો આધાર હોય તે બધી બાબતોની કંપનીને સંતોષકારક લાગે તેવી સાબિતી કંપનીને રજૂ કરવામાં આવશે. કંપની વતી વાજબી રીતે જરૂરી હોય તેવી કહેવાતી ઈજા અથવા અશક્તતા વખતે કંપનીના કોઈ તબીબી અધિકારી અથવા બીજા એજન્ટને તે વ્યક્તિ કે વીમાદારને તપાસવાની છૂટ રહેશે. મૃત્યુ બાબતમાં  વીમાદારના મૃતદેહની શબપરીક્ષા કરવાની અને કંપનીને વખતોવખત જરૂરી હોય તેવી શબ-પરીક્ષા સહિતના પુરાવા લેખિત માગણી પછી રજૂ કરવાના રહેશે. આંખની દૃષ્ટિ ગુમાવવાની બાબતમાં વીમાદાર વીમાકર્તાના ખર્ચે કંપનીને યોગ્ય રીતે વાજબી જણાય તેવી શસ્ત્રક્રિયા અથવા સારવાર કરાવશે.

૩. આ પોલિસી હેઠળ ચૂકવવાપાત્ર રકમ પર વ્યાજ મળશે નહિ.

૪. આવો દાવો કોઈ પણ રીતે કપટભર્યો હોય અથવા વીમાદારે અથવા વીમાદાર વતી કોઈ વ્યક્તિએ તેને કપટી નિવેદન અથવા પ્રયુક્તિથી તેનું સમર્થન કર્યું હોય, તો કંપની આ પોલિસી હેઠળ કોઈ ચુકવણી કરવા જવાબદાર રહેશે નહિ.

૫. કંપની કોઈ પણ સમયે લેખિત નોટિસ આપીને આ પોલિસી રદ કરી શકશે, પરંતુ તે બાબતમાં કંપની વીમાદારને પૂરા થયેલા હાલના વીમાના સમયના ભાગ માટે ભાગે પડતું પ્રીમિયમ બાદ કરીને છેલ્લું ચૂકવેલું પ્રીમિયમ પાછું આપશે. કંપનીના ચોપડામાં છેલ્લે નોંધાયેલ સરનામે વીમાદારને સંબોધીને નોટિસ ટપાલમાં નાખી હોય, તો તે પૂરતી હોવાનું માનવામાં આવશે અને ટપાલના સામાન્ય ક્રમમાં તેની ડિલીવરી થઈ હોત તે સમયે વીમાદારે તે મેળવી હોવાનું માનવામાં આવશે.

૬. આ પોલિસી ચાલુ હોય તે દરમિયાન કોઈ સમયે વીમાદાર રાજેશ્વરી મહિલા કલ્યાણ વીમાયોજના જેવી યોજના સામે એક કે વધારે વીમાકર્તા પાસે વીમો ઉતરાવે, તો અમલમાં રહેલી આવી પોલિસીઓની સંખ્યા ગમે તેટલી હોવા છતાં, અધિકતમ જવાબદારી રૂ. ૨૫,૦૦૦ જેટલી મર્યાદિત રહેશે.

૭. આ પોલિસી હેઠળ ચૂકવવાની રકમના પ્રમાણ અંગે કોઈ વિવાદ કે તફાવત ઊભો થાય તો આવો તફાવત બીજા બધા પ્રશ્નોથી સ્વતંત્ર પક્ષકારોએ નીમવાના સંપૂર્ણ લવાદના નિર્ણય માટે પુછાવવામાં આવશે. લવાદની માગણી કરતા કોઈ પક્ષકાર ૩૦ દિવસની અંદર એક લવાદ સાથે સંમત ન થાય, તો વિવાદ/તફાવતના દરેક પક્ષકારે નીમવાના એકેક એમ બે પક્ષકાર અને બે લવાદે નીમવાના ત્રીજા લવાદ એમ ત્રણ લવાદની પેનલને તે પુછાવશે. આ લવાદી કામ લવાદ


n-india3810-4.p65

અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ની જોગવાઈઓ અનુસાર ચલાવવામાં આવશે.

પરંતુ કંપનીએ વિવાદ કર્યો હોય અને આ પોલિસી હેઠળ અથવા તે બાબતમાં જવાબદારી ન સ્વીકારી હોય, તો આમાં જણાવેલ લવાદને આ વિવાદ પુછાવી શકાશે નહિ એમ સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે.

આથી સ્પષ્ટપણે નિયત કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે નુકસાન અથવા હાનિની રકમ અંગે આવા લવાદ/લવાદોના એવોર્ડ પ્રથમ મેળવવામાં આવશે તે, આ પોલિસી હેઠળ કામગીરી કરવાના કે દાવો માંડવાના હકની પૂર્વ-શરત રહેશે.

૮. આથી સ્પષ્ટતાપૂર્વક કબૂલ કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે કંપની આની નીચે કોઈ દાવા માટે વીમાદારને ચૂકવવાની જવાબદારી અદા ન કરે અને આવા અસ્વીકારની તારીખથી ૧૨ કેલેન્ડર મહિનાની અંદર આવા દાવાને તેણે કાયદાની કોર્ટમાં દાવાની વિષય-વસ્તુ ન બનાવી હોય, તો દાવાને બધા હેતુ માટે છોડી દીધેલો માનવામાં આવશે અને ત્યારબાદ તેની નીચે તે રકમ વસૂલ કરી શકાશે નહિ.

**નોંધ** : કાનૂની અર્થઘટન માટે અંગ્રેજી પાઠ માન્ય ગણાશે.